# મને લિમીટ ક્રોસ કરવામાં મજા આવે છે : ટાઇગર ઓફ



ટાઈગરની જેમ જ સ્ક્રિન પર લડાઈ કરતો, કુદકા મારતો, ડાન્સ કરતો જોવા મળતો જય હેમન્ત શ્રોફ નામનો આ કલાકાર બિલ્લી પગલે આવી ઈન્ડસ્ટ્રીમાં મોટું કામ અને નામ કરી રહ્યો છે. અત્યાર સુધી તેની આવેલી દરેક ફિલ્મે એવરેજ 93 કરોડ કમાણી કરાવી આપી છે. આ ટ્રેક રેકોર્ડ તેને રેસમાં આગળ વધારી રહ્યો છે. દમદાર એક્શન કરતો ટાઈગર તેના બાઘી યુનિવર્સની ચોથી ફિલ્મ લઈ આ અઠવાડિયે થિયેટરમાં દેખાવાનો છે. ફક્ત એક્શન અને ડાન્સના દમ પર હજી પણ ત મે સારું કામ મેળવી શકો તેનું ઉદાહરણ ટાઈગર પૂરું પડી રહ્યો છે.

મને સમજાયું છે કે લોકોને આવા અનુમાન લગાવવાનું પસંદ છે. જ્યાં સુધી તે મારા કામને અસર કરતુ નથી, મને કોઈ વાંધો નથી. હું મારી પર્સનલ સ્પેસને સિક્રેટ જ રાખું છું, અને હું દરેક હેડલાઇનને ક્લીઅર કરવાનું પસંદ નથી કરતો

સ્ટાર ટૉક

**પ્રશ્નઃ ડાન્સ અને માર્શલ આર્ટ્સ તારો 'પહેલો પ્રેમ' છે. શું તમે એક્ટિંગ અને આ પહેલા પ્રેમ વચ્ચે ગુંચવાયેલા છો?**

ટાઈગરઃ ખરેખર નહીં, કારણ કે મારા માટે એક્ટિંગ એ આ બંનેનું કોમ્બિનેશન છે. એક્શન સિન્સ મારે મન કોરિયોગ્રાફ્ડ ડાન્સ પીસ જેવા છે; તેમાં લય અને ચોકસાઇ જરૂરી છે. તો ડાન્સ મને અભિવ્યક્તિ આપે છે, માર્શલ આર્ટ્સ મને ડિસિપ્લિન આપે છે, અને સિનેમા મને બંનેને એક સાથે કરવાની મંજૂરી આપે છે. તેથી, હું આ બધાને એકબીજા સાથે જોડાયેલા જોઉં છું, અલગ નહીં.

**પ્રશ્નઃ તમારી ફિલ્મો જે સ્ટન્ટ્સ હોય છે. તે ડિઝાઇન કરવામાં કેટલા સામેલ છો?**

ટાઈગરઃ ખૂબ જ. મને એક્શન ડિરેક્ટર્સ સાથે કામ કરવાનું ગમે છે કારણ કે હું ઈચ્છું છું કે મારા સ્ટન્ટ્સ સાચા દેખાય. અલબત્ત, સલામતી હંમેશા પ્રાથમિકતા હોય છે, પરંતુ મને લિમિટ ક્રોસ કરવામાં મજા પડે છે - પછી ભલે તે નવો ફ્લિપ હોય, કિક કોમ્બિનેશન હોય, અથવા ફક્ત એક્શન શોટ કેવી રીતે ફ્રેમ કરવામાં આવે હું ઈન્ટરનેશનલ માર્શલ આર્ટ્સથી ઘણો મોટીવેટ થાઉં છું..

**પ્રશ્નઃ ટાઇગરને એક્શન હીરોનું ટેગ ગમે છે કે ભાર લાગે છે?**

ટાઈગરઃ સાચું કહું તો બંને લાગે છે. એક તરફ, હું આભારી છું કારણ કે એક્શન એવી વસ્તુ છે જેમને પણ ખૂબ ગમે છે- મારો કમ્ફર્ટ ઝોન છે. બીજી તરફ, તે એક જવાબદારી છે. જ્યારે પણ હું સ્ક્રીન પર આવું છું ત્યારે ઑડિયન્સ દર વખતે નવી અપેક્ષાઓ રાખે છે. આ કામનો જ એક પ્રકાર છે તે ફિઝીકલી જ નહીં પણ મેન્ટલી પણ નવું કરવા માટે પ્રેરે છે.

**પ્રશ્નઃ તમારી ફિટનેસ પહેલાથી ખૂબ ચર્ચામાં રહે છે. તે ડેઈલી રૂટિન શું છે?**

ટાઈગરઃ મને લાગે છે કે તે ડેઈલી રૂટિન કરતા લાઈફસ્ટાઈલ વધુ મહત્વની છે. મારા માટે ફિટનેસ ફક્ત બે કલાકનો જિમ સેશન નથી - હું એ રીતે જીવું છું. હું અઠવાડિયામાં છ દિવસ ટ્રેનિંગ લઉં છું, અને દરેક સેશન અલગ હોય છે - માર્શલ આર્ટ્સ, જિમ્નેસ્ટિક્સ, વેઈટ ટ્રેનિંગ, ડાન્સ રિહર્સલ. પરંતુ આ બધા પછી ન્યુટ્રીશન અને આરામ છે. હું સુપરહ્યુમન નથી. ઊંઘ અને ડાયેટ વધારે મહત્વપૂર્ણ છે.

**પ્રશ્નઃ તમારા પર્સનલ લાઈફ વિશે ચર્ચા થાય ખાસ કરીને એક્ટ્રેસ સાથેની લિંક-અપની, આનો સામનો કેવી રીતે કરો છો?**

ટાઈગરઃ હાહા.. હવે મને સમજાયું છે કે લોકો આવા અનુમાન લગાવવાનું પસંદ છે. જ્યાં સુધી તે મારા કામને અસર કરતુ નથી, મને કોઈ વાંધો નથી. હું મારી પર્સનલ સ્પેસને સિક્રેટ જ રાખું છું, અને હું દરેક હેડલાઇનને ક્લીઅર કરવાનું પસંદ નથી કરતો. જો હું દરેક અફવા પર પ્રતિક્રિયા આપવાનું શરૂ કરીશ, તો મારી પાસે મારા ક્રાફ્ટ પર ધ્યાન આપવાનો સમય જ નહીં હોય.

**પ્રશ્નઃ ફેન્સનો આરોપ છે ટાઇગર ઓફ સ્ક્રીન 'ઈન્ટ્રોવર્ટ' લાગે છે. શું આ સાચું છે?**

ટાઈગરઃ (હસે છે) આ આરોપ મુજબ તો હું દોષિત છું. હું બહું વધુ વાચાળ વ્યક્તિ નથી. સ્વભાવે શરમાળ છું, અને મારા કામ દ્વારા વધુ બોલતો હોવ તે અનુભવું છું. જોકે મારા મિત્રો અને પરિવાર મારા ફની, હ્યુમરિસ્ટિક વર્ઝનને જાણે છે, પરંતુ મને લાગે છે કે ફેન્સ આ શાંત વર્ઝન જ જુએ છે.

**પ્રશ્નઃ આજે સોશિયલ મીડિયા ટ્રેંડમાં શેરિંગ અને પ્રાઇવેટ રહેવાનું બેલેન્સ કઈ રીતે રાખો છો?**

ટાઈગરઃ તે મુશ્કેલ છે. હું ફેન્સ સાથે જોડાવા તેમને મારી ટ્રેનિંગની વીડિયો અથવા પડદા પાછળની મોમેન્ટ્સ બતાવવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરું છું. પરંતુ હું વધુ પડતું શેર કરવા માંગતો નથી. હું કોઈ બોર્ડર જાળવવામાં માનું છું - તે આ મેજીકને જીવંત રાખે છે.

**પ્રશ્નઃ એક્શન ફિલ્મો ઉપરાંત, તમે નવી ફિલ્મો કરવા માંગશો?**

ટાઈગરઃ ચોક્કસપણે. એક્શન હંમેશા મારો મેઈન પાર્ટ રહેશે, પરંતુ હું રોમેન્ટિક ડ્રામા, કોમેડી, કદાચ કંઈક ઑફબીટ પણ શોધવા માંગુ છું. ઑડિયન્સ મને એક એક્શન વ્યક્તિ તરીકે જાણે છે, પરંતુ મને ગમશે કે તેઓ ઈમોશનલ બાજુ પણ જુએ. સિનેમા વર્સેટિલિટી વિશે છે, અને હું મારી જાતને બોક્સમાં ફિટ કરવા માંગતો નથી. ●

# આ શુક્રવારે બંગાળ બાઘી બનશે કે બાઘીની ફાઈલ ક્લોઝ થશે?

પ્રિવ્યુ

લાંબા બ્રેક પછી થિયેટરમાં આ અઠવાડિયે આવી રહેલી ફિલ્મો જોવા લોકો પહોંચે તેની સંભાવના છે. પણ આ બંને ફિલ્મો જોયા પછી ફરી મહિનાઓ સુધી થિયેટરનો દાદરો ચઢવાની હિંમત ન કરે તેવી પણ સંભાવના આ ફિલ્મોમાં રહેલી છે. આ શુક્રવારે ટાઈગર શ્રોફ, સંજય દત્ત, સોનમ બાજવા, અને પહેલી વાર ડેબ્યુ કરી રહેલી હરનાઝ કૌર સંધુની ફિલ્મ બાઘી-4 આવી રહી છે. આ સાથે જો બધું ઠીક રહ્યું તો ધી બંગાળ ફાઈલ્સ પણ રિલીઝ થશે. જ્યારે બાઘી-4 નું ટીઝર રિલીઝ થયું ત્યારે ચર્ચા થઈ હતી કે આ વર્ષની સૌથી મોટી એક્શન સાગા ફિલ્મ હશે. સાજિદ નડિયાદવાલાના પ્રોડક્શન હેઠળ બનેલી ફિલ્મને લોકો રણબીરની ફિલ્મ એનિમલની સાથે કોપી હોય તેમ કહી રહ્યા છે. પણ અસકલમાં તો બાઘીની બધી જ ફિલ્મો કોપી (રિમેક) જ છે. જેમ કે બાઘી-1 એવર્ષમ (તેલુગુ મૂવી) + ધ રેઈડ (ઈન્ડોનેશિયન મૂવી) તો બાઘી-2 ક્ષણામ (તેલુગુ મૂવી) બાઘી-3, વેટ્ટાઈ (તામિલ મૂવી) અને હવે આવી રહેલી બાઘી-4, આઈન્થુ આઈન્થુ આઈન્થુ- 555 (તમિલ મૂવી)ની કોપી છે. ફિલ્મની વાર્તા બાઘી(ટાઈગર શ્રોફ) વિશે છે જે તે એવી છોકરીને પ્રેમ કરે છે જે મરી ગઈ છે! પરંતુ તેને કહેવામાં આવે છે કે એવું કંઈ નથી. અને ટાઈગર તેની ગર્લફ્રેન્ડ વિશે







જાણવા માટે કોઈપણ હદ સુધી જવા તૈયાર છે. હવે આ વાર્તામાં પ્રેમિકાનું સત્ય શું છે અને જૂઠ શું છે તે શોધવામાં ટાઈગર વિલન બનેલા સંજયનો સામનો કઈ રીતે કરે છે તેની આસપાસ ફરે છે.

બીજી ફિલ્મ 'ધ તાશ્કંદ ફાઈલ્સ' અને 'ધ કાશ્મીર ફાઈલ્સ' પછી, વિવેક અગ્નિહોત્રી હવે 'ધ બંગાળ ફાઈલ્સ' લઈને આવ્યા છે. 'ધ બંગાળ ફાઈલ્સ' એ આપણા દેશમાં ક્રૂર ઈતિહાસમાં બનેલા ભયાનક હત્યાકાંડની વાર્તા છે, જેને 'ગ્રેટ કલકત્તા કિલિંગ' કહેવામાં આવે છે. ભારતના ભાગલા માટે, મુસ્લિમ લીગે 16 ઓગસ્ટ 1946 ના રોજ 'ડાયરેક્ટ એક્શન ડે' જાહેર કર્યો હતો, જે દિવસે કલકત્તાના મુસ્લિમો રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા અને પોતાના માટે અલગ પાકિસ્તાનની માંગણી કરી હતી. આ માંગને કારણે, કલકત્તામાં ભયંકર રમખાણો થયા હતા અને આખરે દેશનું વિભાજન થયું હતું. કલકત્તામાં થયેલા હત્યાકાંડ વિશે ઘણી બધી બાબતો છે જેની આજ સુધી ચર્ચા થઈ નથી, વિવેક અગ્નિહોત્રી આ ફિલ્મ દ્વારા એ જ સત્ય બહાર લાવવાનો દાવો કરી રહ્યા છે. આ દાવા સાથે કોન્ટ્રોવર્સી પણ આવી છે. મેકર વિવેક પર પહેલાથી એક તરફની વાત કહેવાનો આરોપ લાગતો રહ્યો છે. જે રાજ્યની વાત છે ત્યાંની સરકાર આ ફિલ્મથી એટલી ખૂશ નથી.

'ધ બેંગાલ ફાઈલ્સ'નું ટ્રેલર 16 ઓગસ્ટના રોજ રિલીઝ થયું હતું. ત્યારથી આ ફિલ્મને લઈને વિવાદ શરૂ થયો છે. ફિલ્મમાં ગોપાલ મુખર્જીનું એક પાત્ર છે, જેને ફિલ્મમાં હિન્દુઓના રક્ષક તરીકે દર્શાવવામાં આવ્યું છે, પરંતુ ગોપાલ મુખર્જીના પૌત્ર શાંતનુ મુખર્જી ફિલ્મના ટ્રેલર સામે વાંધો ઉઠાવી રહ્યા છે અને કહી રહ્યા છે કે ફિલ્મમાં તેમના દાદાના પાત્રને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું છે. 'ધ બેંગાલ ફાઈલ્સ'માં અનુપમ ખેર મહાત્મા ગાંધીની ભૂમિકા ભજવતા જોવા મળી રહ્યા છે. મિથુન ચક્રવર્તી, પલ્લવી જોશી, અને દર્શન કુમાર મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ બધા સ્ટાર્સ 'ધ કાશ્મીર ફાઈલ્સ'માં પણ જોવા મળ્યા હતા. ●

# મુશ્કેલ શું છે, મિસ યુનિવર્સ બનવું કે ફિલ્મ મેળવવી?



શો-શા

*હરનાઝ સંધુ આ નામને 2021માં જ્યારે તે મિસ યુનિવર્સ બંની ત્યારે લોકોએ સાંભળ્યું હશે, પછી ભુલાઈ ગયેલી મિસ યુનિવર્સ હવે ફિલ્મના પરદે દેખાવા આવી રહી છે. બાઘી-4 બોલિવુડમાં તેની પહેલી ફિલ્મ છે. મિસ યુનિવર્સ બનવું અને એક્ટિંગ કરવી બંને અલગ વાત છે, તેમાં સંજય દત્ત અને ટાઈગર જેવા કલાકાર હોય એક્શન ફિલ્મ હોય ત્યારે હરનાઝ કઈ રીતે એન્ટ્રી લે છે તેની પર પ્રોડ્યુસર, તેના ફેન્સ અને અન્ય એક્ટ્રેસની નજર હશે જ.*

**પ્રશ્નઃ મોર્નીંગ રૂટિન જે ક્યારેય મિસ નથી કરતી?**
મેડિટેશન અને ચા.

**પ્રશ્નઃ આ તો તમારી બેગમાં હોવા જ જોઈએ?**
લિપસ્ટિક અને પરફ્યુમ.

**પ્રશ્નઃ એક બ્યુટી સિક્રેટ?**
હાઈડ્રેટેડ રહો, ઘણું પાણી પીઓ.

**પ્રશ્નઃ કોઈ હિડન ટેલેન્ટ?**
હું પંજાબી ગીતો ખૂબ સારા ગાઉં છું!

**પ્રશ્નઃ એ ડીશ જે તમે ખૂબ ટેસ્ટી બનાવો છો?**
વ્હાઈટ સૉસ પાસ્તા.

**પ્રશ્નઃ કમ્ફર્ટ ફૂડ?**
દરેક પંજાબીઓને મનગમતું, મક્કી દી રોટી અને સરસોં દા સાગ.

**પ્રશ્નઃ બોલિવુડનો ડ્રિમ રોલ?**
સંજય લીલા ભણસાલીની પીરિયડ ડ્રામા ફિલ્મમાં હિરોઈન.

**પ્રશ્નઃ તમને ગમતી છેલ્લી ફિલ્મ?**
રોકી ઔર રાની કી પ્રેમ કહાની.

**પ્રશ્નઃ પહેલી ઓડિશન મેમરી?**
પરસેવાથી ભીંજાયેલી હથેળીઓ અને ખૂબ નર્વસ પણ હું હસતાં હસતાં બહાર નીકળી કારણ કે મેં મારું બેસ્ટ આપ્યું હતું.

**પ્રશ્નઃ જો મિસ યુનિવર્સ ન હોત, તો તમે શું કરતા હોત?**
ફૂલ ટાઈમ એક્ટર.

**પ્રશ્નઃ શું મુશ્કેલ હતું - મિસ યુનિવર્સ બનવું કે ફિલ્મ મેળવવી?**
મિસ યુનિવર્સ જીતવું એ મારી ધીરજની કસોટી હતી, પરંતુ ફિલ્મ તો દરરોજ મારા સ્કિલ્સની કસોટી કરે છે.

**પ્રઃ મિસ યુનિવર્સ પછી તમે શીખેલા કરિયર લેસન?**
ફેમ ટેમ્પરરી છે, પણ સખત મહેનત લેગસી બનાવે છે.

**પ્રઃ શું તમે ભવિષ્યમાં બોલિવૂડમાં કે હોલીવુડમાં પોતાને વધુ જુઓ છો?**
બંને – હું તો પ્રિયંકા ચોપરાની જેમ ગ્લોબલ બનવા માંગુ છું. ●